નવગુજરાત સમય

**નવો બોજો** ફરજિયાત વીમો આપવાનો યેનકેન પ્રકારે ઈનકાર કરશે અથવા તો તેમાં વિલંબ કરશે તો વીમા નિયામક આકરા પગલાં લેશે

# આજથી થર્ડ પાર્ટી મોટર ઈન્સ્યોરન્સના પ્રીમિયમમાં વધારો

**નવગુજરાત સમય** > અમદાવાદ

વાહન ચાલકો માટે ફરજિયાત થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સના પ્રીમિયમમાં ૧ એપ્રિલથી વધારો થશે. વીમા નિયામકે મોટર થર્ડ પાર્ટી લાયેબિલિટી ઈન્સ્યોરન્સના નવા દર જારી કર્યાં છે. જે અંતર્ગત નાની કાર માટેના પ્રીમિયમમાં અંદાજે ૨૦ ટકાનો અને ટૂ-વ્હીલર્સ અને માલવાહક વાહનોના પ્રીમિયમમાં લગભગ ૧૦ ટકાનો વધારો થશે.

જોકે જાન્યુઆરીમાં પ્રસ્તાવિત કરાયેલા કાર માટેના થર્ડ પાર્ટી પ્રીમિયમની સરખામણીએ આ નવા દર ઘણાં ઓછા છે. ચૂંટણીનું વર્ષ હોવાને કારણે તથા ભવિષ્યમાં મોટર થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સના દરો મુક્ત બનાવવાની દરખાસ્તને પગલે વીમા નિયામકે પ્રીમીયમમાં જંગી વધારો કરવાનું ટાળ્યું હોવાનું ઉદ્યોગના નિષ્ણાતોએ જણાવ્યું હતું. આ નવા દરોને અધિકૃત બનાવતાં ઈરડાએ જણાવ્યું કે ફેબ્રુઆરી, ૨૦૧૪માં તેના દ્વારા પ્રસ્તાવિત કરાયેલા દરોને મીશ્ર પ્રતિભાવ સાંપડ્યો હતો. પ્રીમિયમના દરોમાં વધારો કરવાની દરખાસ્ત સામે ગ્રાહકોએ નારાજગી દાખવી હતી. જોકે ઈરડાએ જણાવ્યું હતું કે પ્રવર્તમાન પ્રીમિયમના દરો અપૂરતા છે અને તેમાં સુધારો થવો જરૂરી છે.

ઈરડા દ્વારા જારી કરાયેલા સરક્યુલરમાં મોટર થર્ડ પાર્ટી ઈન્સ્યોરન્સ અને પ્રીમિયમના દર અંગે વાહન માલિકો દ્વારા રજૂ કરાયેલી ચિંતાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવી છે. જો કોઈ કંપની ગ્રાહકને આ ફરજિયાત વીમો આપવાનો યેનકેન પ્રકારે ઈનકાર કરશે અથવા તો તેમાં વિલંબ કરશે તો વીમા નિયામક તેની સામે આકરા પગલાં લેશે તેમ તેમાં જણાવાયું છે. માલવાહક સામાન ( ટુ-વ્હીલર્સ સિવાયના) અને મુસાફરના પરિવહન માટે વપરાતા ટુવ્હીલર માટેના દર આંશિક વધારાયા છે. જોકે ચાર કે તેથી વધુ વ્હીલ ધરાવતા અને છથી વધુ મુસાફરોના પરિવહન માટે વપરાતાં વાહનોના દરમાં કોઈ ફેરફાર કરાયો નથી.




## વિવિધ વાહનો ઊપરના નવા નિર્ધારિત દર

| વાહનના સીસી/વજન | જુના દર(₹) | પ્રસ્તાવિત(₹) | નવા દર (₹) |
|---|---|---|---|
| **ખાનગી કાર** | | | |
| 1,000 ccથી ઓછું | 941 | 2,227 | 1,129 |
| 1,000–1,500 cc | 1,110 | 1,667 | 1,332 |
| 1,500 ccથી વધુ | 3,424 | 4,295 | 4,109 |
| **ટુ વ્હીલર્સ** | | | |
| 75 cc સુધી | 414 | 600 | 455 |
| 75–150 cc | 422 | 477 | 464 |
| 150–350 cc | 420 | 424 | 462 |
| **માલ પરિવહન વાહનો** | | | |
| 7,500 kg સુધી | 13,082 | 13,046 | 14,390 |
| 7,500–12,000 kg | 13,968 | 12,022 | 15,365 |
| 12,000–20,000 kg | 14,873 | 17,611 | 16,360 |